શ્રી જી.પી.પટેલ, વયનિવૃત્ત સંયુકત સચિવશ્રીને કરાર આધારિત નિમણૂક આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

હુકમ ક્રમાંકઃ SJED/AAT/e-file/17/2023/1775/E Section

સચિવાલય,ગાંધીનગર.

તા.૨૩/૦૨/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧)સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૧/૦૨/૨૦૨૪નો હુકમ ક્રમાંક: GAD/CON/e-file/1/2023/3771/G2 Cell

(૨)શ્રી જી.પી.પટેલ, વયનિવૃત સંયુકત સચિવશ્રીનો તા.૨૨/૦૨/૨૦૨૪નો હાજર રીપોર્ટ

(૩)સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૭/૦૭/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ આરઇએમ/૧૦૨૦૦૨/ યુઓઆર/૮૨/ગ.૨

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૯/૦૪/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ આરઇએમ/૧૦૨૦૧૯/ ૧૮૬૧૩૬/ગ.૨

(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૪/૦૯/૨૦૯નો ઠરાવ ક્રમાંકઃઆરઇએમ/૧૦૨૦૧૯/ ૪૨૧૧૯૬/ગ.૨

(૬) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૪/૧૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: આરઇએમ/૧૦૨૦૧૮/ ૨૫૩૨૭૭/ગ.૨

**હુકમ**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) હેઠળના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૨૪ના હુકમથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ખાતેથી વયનિવૃત થયેલ સંયુકત સચિવ, શ્રી જી.પી.પટેલને તેઓની તા.૩૦/૦૬/૨૦૨૩ ની વય નિવૃતિ બાદ તેઓ હાજર થાય તે તારીખથી એક વર્ષ માટે કરાર આધારિત નિમણૂક આપવા માટે સરકારશ્રીની મંજૂરી મળેલ હોઇ, વંચાણે લીધા ક્રમાંક: (૩) થી (૬) ના ઠરાવની જોગવાઇ અન્વયેની બોલીઓ અને શરતોને આધિન શ્રી જી.પી.પટેલને તેઓ વિભાગ ખાતે હાજર થાય તે તારીખથી એટલે કે તા.૨૨/૦૨/૨૦૨૪ થી એક વર્ષ અથવા સંબંધિત જગ્યા પર અન્ય અધિકારીની બદલી/બઢતીથી નિમણૂક થાય અથવા સરકારશ્રી ઇચ્છે ત્યાં સુધી તે ત્રણમાંથી જે

વહેલુ હોય ત્યાં સુધી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ખાતે સંયુકત સચિવ તરીકે નીચેની શરતોને આધિન કરાર આધારિત નિમણૂક આપવામાં આવે છે.

(૧) શ્રી જી.પી.પટેલનો કરાર આધારીત નિયુકિતનો સમયગાળો હાજર થાય તે તારીખથી એટલે કે તા.૨૨/૦૨/૨૦૨૪ થી એક વર્ષ અથવા સંબંધિત જગ્યા પર અન્ય અધિકારીની બદલી/બઢતીથી નિમણૂક થાય અથવા સરકારશ્રી ઇચ્છે ત્યાં સુધી તે ત્રણમાંથી જે વહેલુ હોય તેટલા સમયગાળા સુધીનો રહેશે.

(૨) શ્રી જી.પી.પટેલને કરાર આધારિત નિમણૂક દરમ્યાન સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: આરઇએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ.૨ થી ઠરાવવામાં આવેલ વેતન ચૂકવવાનું રહેશે.

(૩) કરાર આધારિત નિયુકિતના સમયગાળા દરમિયાન તેમને તેમના માસિક એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો, ઇજાફો, મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત કે પગારપંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહિ.

(૪) કરાર આધારિત નિમણૂકની તેમની સેવા બદલ તેઓને કોઇ વધારાનું પેન્શન, બોનસ, એલટીસી, રજાનું રોકડમાં રૂપાંત્તર, પેશગી કે અન્ય કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહિ.

(૫) કરાર આધારિત નિયુકિતના સમયગાળા દરમિયાન આકસ્મિક અવસાન પ્રસંગે તેમણે બજાવેલ ફરજના સમયગાળાના ફિકસ વેતનની લેણી રકમ તેમના કુટુબીજનોને મળવાપાત્ર થશે અન્ય બીજા કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહિ.

(૬) કરાર આધારીત નિમણૂક આપ્યા પછી સરકાર ગમે તે સમયે કોઇપણ કારણ આપ્યા વિના શ્રી પટેલની કરાર આધારીત સેવાનો અંત લાવી શકશે.

(૭) શ્રી જી.પી.પટેલ એક (૧) માસની નોટીસ આપીને અથવા એક માસનો નોટીસ પે ભરીને કરાર આધારીત નિમણૂંકનો અંત લાવી શકશે.

(૮) શ્રી જી.પી.પટેલને ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થતા કરાર આધારિત નિમણૂક કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

(૯) કરાર આધારીત નિમણૂક દરમિયાન શ્રી જી.પી.પટેલના પક્ષે વર્તણૂંક નિયમનો ભંગ થયેલો જણાશે તો, તેઓના કિસ્સામાં ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૨૪ મુજબ પેન્શન કાપની શિક્ષા કરી શકાશે. આવી પેન્શન કાપની શિક્ષા કરતા પહેલા શ્રી પટેલને ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ બચાવની તક આપવામાં આવશે.

(૧૦) કરાર આધારિત નિયુકિત દરમ્યાન સંયુકત સચિવ તરીકે જે ફરજો બજાવવાની થતી હોય તેવી બધી ફરજો તેમણે બજાવવાની રહેશે. તે માટે કચેરીના ફરજપાલનનો જે સમય નિયત કરેલ હોય કે જરૂરીયાત હોય તે સમય પ્રમાણે તેમણે કચેરીમાં હાજરી આપવાની રહેશે.

(૧૧) કરાર આધારીત નિયુક્તિ દરમ્યાન તેઓને પ્રતિમાસ એક પરચુરણ રજા મળવાપાત્ર રહેશે. પરંતુ અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહિ.

(૧૨) શ્રી જી.પી.પટેલએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત સત્તાધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહિ.

(૧૩) શ્રી જી.પી.પટેલને સરકારી કામે પ્રવાસમાં જવાનું થાય તો સરકારના પ્રવર્તમાન ધોરણ મુજબ નિયમોનુસાર મુસાફરીભથ્થુ અને દૈનિકભથ્થુ મળવાપાત્ર થશે.

(૧૪) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૩/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: ખહલ/૧૦/૨૦૧૮/૮૦૭૯૨/ક થી વય નિવૃતિ બાદ કરારીય નિમણૂક પામેલ વર્ગ.૧ના અધિકારી માટે પરિશિષ્ટ-૪ થી નિયત કરેલ ફોર્મમાં કરારીય સમયગાળાનાં વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ ઓફલાઇન ભરવા અંગેની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧૫) ઉપર જણાવેલ શરતો ઉપરાંત સા.વ.વિ.ના તા.૭/૭/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ.૨ ની અન્ય શરતો તેમજ સરકારશ્રી ધ્વારા વખતો-વખત જે શરતો નકકી કરવામાં આવે તે શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમ સામાન્ય વહીવટ વિભાગની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANGITA J PATNI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 23-Feb-2024 (04:12 PM)

(સંગીતા પટણી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અ.મુ.સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ.૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ.૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ.૨, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
  સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી(ક.ગ.)ના અંગત સચિવશ્રી,સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી જી.પી.પટેલ, સંયુકત સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (અમદાવાદ/રાજકોટ)
- સેકશન અધિકારીશ્રી, ગ.૨ સેલ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, HRMS શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, (કો.સેલ.શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- રોકડ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.(૨ નકલ)
- સિલેકટ ફાઇલ-૨૦૨૪